






આદર્શ યોજનાઓ અમલમાં ખોવાઇ જાય છે
સરકારી સ્વપ્નાં અને આબરૂ ધોવાઇ જાય છે,
ડગી જાય વિશ્વાસ પ્રજાનો, તંત્ર-બેદરકારીથી -
કોહવાઇ જાય શ્રદ્ધા, યોજના વગોવાઇ જાય છે.
('મધ્યાહ્ન ભોજન' ચિંતામાં)




દૂબળી ગાય,
શહેરી, વિસ્તારોની
ડંખે બગાઇ..
(મનપા ને વિકાસનું ભારણ)

સ્થાપે વિક્રમો -
પ્રચાર ભાષણોમાં -
રડે સચ્ચાઇ!
(મનીષ ની ચેલેન્જ)

## ચિંતન

**સંતોષા મૃત તૃપ્તાનાં યત્સુખં શાંત ચેતસામ્ ।**
**કૃત સ્તદ્ધન લુબ્ધાનાં મિત શ્ચેતશ્ચ ધાવતામ્ ॥**

'શાંત ચિત્તવાળા જનો જે સુખ અનુભવે છે તે સુખ આમ-તેમ દોડાદોડી (હળીયાપટ્ટી) કરી રહેલા ધનના લોભી જનોને તો કયાંથી મળે?'

માનવીની ઓછામાં ઓછી જરૂરિયાત બે વખત સવાર-બપોરે, ચા-દૂધ અને બે ટંક સાદું દાલ-રોટીનું ભોજન, બે જોડ કપડાં અને એક છાપરૂં - આ માત્ર જીવન જીવી જવા માટેની ઓછામાં ઓછી જરૂરિયાત છે. જે એટલું સરળ રીતે પ્રાપ્ત હોય તો માનવી આનંદથી સુખે જીવન પસાર કરી શકે છે, પરંતુ માણસ અસંતોષી છે લાખો મળે પછી કરોડો અને કરોડો મળે પછી અબજોને આંબવા દોડે છે.

એક છત છાપરૂં હોય છતાં ઘર-મકાન-બંગલા-પ્લોટ-જમીનો એકઠી કર્યા કરે છે પોતાના પુરતું ધન એકત્ર થઇ જાય પછી 'સાત પેઢી' માટે ચિંતા કરવા લાગે છે અને એના માટે નીતિ-અનીતિ, પાપ-પુણ્ય, છળ-કપટ કશું જોયા વિના ખૂબ જ દોડા-દોડી કરી થાકી જાય ત્યાં સુધી મથે છે. આખરે એ થાકમાં બિમારી, જેલ, ભોગવવા પડે છે.

આમ જિંદગી આખી પૈસા પાછળ દોડંદોડમાં માત્ર થાક અને અસુખ જ મળે છે. સંતોષમાં જે સુખ છે એનો અનુભવ એમને થતો જ નથી.

## સુવિચાર

- સારા સંજોગોમાં સારા રહેવું બહુ જ આસાન છે, ખરાબ સંજોગોમાં પણ સારા રહેવું, સમર્થ રહેવું, સજ્જ રહેવું એ મનોબળ છે **- રામકૃષ્ણ પરમહંસ**
- મૂર્ખના પાંચ લક્ષણો : ઓળખાળ વગરનો વિશ્વાસ, સંબંધ વગરની વાણી, કારણ વગરનો ગુસ્સો, જિજ્ઞાસા વગરની પૂછપરછ, અને પ્રગતિ વિનાનું પરિવર્તન **- વેદ વ્યાસ**
- લાગણીની ફુટપટ્ટી ન હોય અને સંબંધનું મીટર ન હોય, જેને જીવવાનું હોય અને એને ગણવાનું ન હોય **- શાહબુદ્દીન રાઠોડ**
- આપણા દુઃખથી દુઃખી થાય એવા લોકો હજી કદાચ મળી આવે પણ આપણા સુખથી સુખી થાય એવા લોકોની અછત સર્જાઇ છે **- ડોંગરેજી મહારાજ**
- સારા માણસ બનો પણ એ સાબિત કરવાનો પ્રયત્ન કદી ના કરો **- એસ. ભટ્ટાચાર્ય**
- વિજ્ઞાન પાસે પાગલપનનો ઇલાજ છે પણ મૂર્ખતાનો નથી **- સામ પિત્રોડા**
- મેલા વાસણમાં નાંખેલું ચોખ્ખું પાણી પણ મેલું થઇ જાય છે, એ જ રીતે મેલા મનમાં સારા વિચારો પણ મેલા થઇ જાય છે **- ચીની કહેવત**

## બોધ કથા

એક યુવાન, ચિંતક પાસે ગયો અને પૂછ્યું- જીવનમાં હતાશા-નિરાશા-નિષ્ફળતા આવે છે શા માટે? મમતામયી મા પોતાનાં જ બાળકોને ઝેર આપી મારી નાખે અને પોતે પણ ઝેર ઘટઘટાવી જાય માતા-પુત્રી સાથે ટ્રેન નીચે કપાઇ જાય, યુવાન-યુવતી પંખે લટકી જાય - આવી હતાશા આવે છે કેમ?

ચિંતકે કહ્યું - હતાશા-નિષ્ફળતા એ તમારી ધીરજનું, સહનશીલતાનું માપ છે, જે નાના નાના કૌટુંબિક ઝગડાથી કંટાળી જાય, આર્થિક ભીંસથી ત્રાસી જાય, એ માનવીની એના સ્વભાવની, એનાં ધૈર્યની નબળાઇ જ છે.

દુનિયાનો કોઇ પણ - એક પણ માણસ એવો નહી હોય જેને નિષ્ફળતા-હતાશાનો અનુભવ નહીં કર્યો હોય!

જે નિરાશ થયાં વિના સદાય પ્રયત્નશીલ રહે છે તે ઉત્તમ છે પરંતુ નિરાશામાંથી જલદીથી બહાર આવી દોડવા લાગે છે તે શ્રેષ્ઠ છે.

જે પડીને રડ્યા કરે છે તે નિષ્ફળ છે પણ પડ્યા પછી તરત પીડા ખંખેરી ઉભો થઇ હસતાં હસતાં ફરી દોડવાનું શરૂ કરી દે છે તે જ માનવીનું જીવન સફળ છે.

ચિંતકનો જવાબ સાંભળી યુવાનમાં નવું ચૈતન્ય પ્રકટ્યું.


Email - sureshchandrabhatt18@gmail.com

# 'ઇસક...' ઉર્ફે 'ગેંન્સ ઓફ બનારસ'... ઉર્ફે 'ચસક'...!!!

વિલિયમ શેક્સપિયરની અમર કૃતિ 'રોમિયો એન્ડ જુલિયેટ' પરથી પ્રેરિત અને આવિષ્કારીત ફિલ્મ 'ઇસક' ('ઇશ્ક'નું બનારસી ઉચ્ચારણ) આ અઠવાડિયે રિલિઝ થયેલી ડઝન ફિલ્મોમાં સૌથી વધુ પ્રોમીસીંગ ગણાતી હતી. આ વાતનો કાળ 'ભૂતકાળ' થઇ ગયો એ જ દર્શાવે છે કે ફિલ્મ અપેક્ષાઓને અનુરૂપ નથી!

૨૦૦૭માં 'દિલ, દોસ્તી... એટસેટ્રા' જેવી સફળ યુથફુલ ફિલ્મથી હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પ્રવેશેલા દિગ્દર્શક મનીષ તિવારી છ વર્ષ પછી આ બીજી ફિલ્મ સાથે દિગ્દર્શનના મેદાનમાં ઉતર્યા છે. 'કહાની' જેવી ઘણી સફળ ફિલ્મોમાં; તેલની ધાર જ નહીં તેલિબિયાના ખેતરોની માટી જોઇને - ફૂંકી ફૂંકીને ફાયનાન્સ કરતા પેન ઇન્ડિયાના માલિકો જયંતીભાઇ ગડા અને ધવલ ગડા જેવા નિર્માતાએ પુરતા નાણા ખર્ચીને ફિલ્મ બનાવી છે. વિલિયમ શેક્સપિયરની અમર પ્રણય રચના પર આધારિત ફિલ્મ હોવાનો બેસૂમાર પ્રચાર કરાયો છે. પ્રતિક બબ્બર અને નવોદિત હિરોઇન અમાયરા દસ્તુર જેવી યુવાન જોડી છે અને બનારસ જેવું સુંદર લોકેશન છે છતાં 'ઇસક' થી પ્રેક્ષકોનું મગજ 'ચસક' થાય એવું છે!!!




દિગ્દર્શક મનીષ તિવારી વિલિયમ શેક્સપિયરની આ રચનાથી અત્યંત પ્રભાવિત છે. શેક્સપિયરે પોતાની કૃતિમાં જેવા ઝરૂખાનું નિરૂપણ કર્યું છે. એવા જ પ્રકારનો ઝરૂખો મનીષ તિવારીને બનારસમાં દેખાઇ ગયો... બસ થઇ રહ્યું... મનીષ તિવારી 'રોમિયો એન્ડ જુલિયેટ'ને બનારસ લઇ આવ્યા. આ છે ફિલ્મનાં નિર્માતાની મૂળ વાત. મનીષ તિવારીના પત્ની પદ્મની ઠાકોર - તિવારી લેખિકા છે. પદ્મની ઉપરાંત પવન સોની સાથે મળીને મનીષ તિવારીએ જ 'ઇસક'ની વાર્તા લખી નાખી. લવ સ્ટોરીમાં ખાનદાની દુશ્મની ઉમેરી દીધી. 'ઇસક' ઓચો અને મગજના 'ચસક' ખાનદાની દુશ્મનો વધારે...! મનીષ તિવારીને આ ફિલ્મનો વિચાર આવ્યો તે પહેલાં તેમણે અનુરાગ કશ્યપની 'ગેંન્ગ ઑફ વાસેપુર' અચૂક જોઇ લીધી હશે. એટલે એમણે પણ બનાવી દીધી 'ગેંન્ગ ઑફ બનારસ' સોરી 'ઇસક.'

ફિલ્મની સ્ટોરી અને સ્ક્રીન પ્લેમાં 'ઇસક' ઓછો અને વાયોલન્સ વધુ છે. બનારસમાં ઘાટ અને હદ માટે હદ વિનાનું ઝઘડતા પરિવારો અને આવા ઝઘડામાં પોતાની રોટલી શેકતા રાજકારણીઓ વાળી વાર્તામાં રોમિયો અને જુલિયેટને તો ઘાસની ગંજીમાં સોય શોધવાની હોય તેમ શોધવા પડે તેવું છે. તેમાંય વળી રોમિયો અને જુલિયેટ વચ્ચે હોવો જોઇએ એવો ઉત્કટ પ્રેમ પણ પ્રતિક બબ્બર અને અમાયરા દસ્તુર વચ્ચે કયાંય દેખાતો નથી. પ્રેમી પ્રેમમાં પાગલ હોય એ ગમે પણ દરેક દૃશ્યમાં પાગલ લાગે એવો પ્રેમી - પ્રતિક બબ્બર એક પણ દૃશ્યમાં ગમે તેવો નથી. પ્રેમી તરીકેનું આ પ્રતિક જરાયે બરાબર નથી!

નવોદિત અભિનેત્રી અમાયરા દસ્તુર યુવાન ફ્રેશ છે. મુંબઇની આ પારસી અભિનેત્રીનો કલીન અને કલીયર ચહેરો કોસ્મેટિક્સની આ નામની બ્રાન્ડના મોડેલ તરીકે દેખાયો હતો. ડૉવ, એરટેલ અને માઇક્રોમેક્સની એડમાં પણ તમે આ પારસી ગર્લને જોઇ હશે. ૧૮ વર્ષની વયે દસ દિવસના અભિનયના ક્રેશ કોર્સ પછી અમાયરા દસ્તુરને 'ઇસક'માં બચ્ચી કશ્યપનો લીડ રોડ મળ્યો છે. અન્ય ફિલ્મોની અન્ય નવોદિત હિરોઇનોની સરખામણીમાં અમાયરા દસ્તુરને સારો રોલ મળ્યો છે. પરંતુ દિગ્દર્શન અને સ્ક્રીન પ્લેના વાંકે અમાયરાને ડામ મળી ગયો છે.

'ઇસક'માં કંઇ યાદગાર હોય તો તે છે રવિ કિશન. હિન્દી-ભોજપુરી અભિનેતા રવિ કિશન અને સાથે રાજેશ્વરી સચદેવા જેવી નિવળેલી અભિનેત્રી એ 'ઇસક'માં કસક લાવવાનો મરણિયો પ્રયાસ કર્યો છે. ૧૯૯૭માં શ્યામ બેનેગલની 'સરદારી બેગમ' જેવી ફિલ્મની ભૂમિકા બદલ શ્રેષ્ઠ સહ અભિનેત્રીનો નેશનલ એવોર્ડ હાંસલ કરનાર રાજેશ્વરી રચદેવાએ પોતાની નાની ભૂમિકાને પણ યાદગાર બનાવી છે. રવિ કિશન અને રાજેશ્વરી સચદેવા સિવાય ઇવલીન શર્મા, મકરંદ દેશાપાંડે અને નીના ગુપ્તા જેવા કલાકારો પણ બોમ્બ-બંદૂક-ગોળીઓની જેમ વેડફાયા છે.

બનારસ જેવું નયનરમ્ય લોકેશન હોવા છતાં સિનેમેટોગ્રાફર વિશાળ સિન્હાના કેમેરામાં એક પણ આહ્લાદક દૃશ્ય ઝીલાયું નથી. સચીન-જીગર, ક્ષ્ના અને સચિન ગુપ્તા જેવા નવોદિત સંગીતકારોએ ત્રણેક ગીત થોડાં ઘણા અંશે સારા કહી શકાય એવાં બનાવ્યા છે. 'ઇશ્ક તેરા...' મોહિત ચૌહાણના અવાજમાં સાંભળવું ગમે છે. 'ઝીણી રે ઝીણી...' અને 'આગ કા દરિયા...' ના શબ્દો પણ સાંભળવા ગમે તેવા છે. જો કે બનારસી હિન્દી મજા બગાડે છે.

'ઇસક'ના નબળા પાસા ઘણા જ છે. 'ગેંન્સ ઑફ બનારસ' ના મારધાડના દૃશ્યો અતિરેક કરે છે.

અભિનેતા-રાજકારણી રાજબબ્બર અને સ્વર્ગસ્થ અભિનેત્રી સ્મિતા પાટીલના પ્રેમનાં 'પ્રતિક' સમો બબ્બર પ્રણય દૃશ્યોમાં જરાયે બરોબર નથી. રાજ બબ્બર જેવો જ અવાજ અને બોલવાની લઢણ ધરાવતા પ્રતિક બબ્બર વિષે યુવા વાચકો કદાચ નહીં જાણતા હોય કે મશહૂર અભિનેત્રી સ્મિતા પાટીલ ૧૯૮૬ની ૨૮મી નવેમ્બરે બાળકને જન્મ આપ્યા પછી પ્રસુતિ દરમિયાન જ મૃત્યુ પામ્યા હતા. આ બાળક એટલે પ્રતિક બબ્બર. અમાયરા દસ્તુર સાથે તેની કેમેસ્ટ્રી પણ મેચ થતી નથી.

એટલે... આ ફિલ્મનું નામ 'ઇસક'ને બદલે 'ગેંગ્સ ઓફ બનારસ' રાખવા જેવું હતું... જો કે દિગ્દર્શક મનીષ તિવારી વિલિયમ શેક્સપિયરને આત્મસાત કરી ગયા લાગે છે એટલે એમણે પણ 'વૉટ ઇઝ ધેર ઇન એ નેઇમ...' વાળી શેક્સપિયરની આ ઉક્તિને પણ યથાર્થ ઠેરવીને નામ મેં કયા રખા હૈ... 'ઇસક' હોય કે 'ગેંગ્સ ઑફ બનારસ' - બહુ જાજી પરવા નથી કરી. તમે પણ 'ઇસક' ન જોવાય તો પરવા ન કરતા...!

# સંકર પ્રક્રિયાને હાઇબ્રીડાઇઝેશન (સંકરણ) કહેવામાં આવે છે, આ પ્રકારનું નિર્માણ કુદરતી કે કૃત્રિમ બંને રીતે થાય છે

## વન્યસૃષ્ટિ પરિચય
### હાઈબ્રીડ (સંકર) પ્રાણીઓ

- હેમંત સુથાર

હાઇબ્રીડ (સંકર) પ્રજાતિ પ્રાણીઓ ઉપરાંત વનસ્પતિઓમાં પણ જોવા મળે છે. એટલે જ હાઇબ્રીડની વ્યાખ્યામાં ભિન્ન જાતિના પ્રાણી કે વનસ્પતિમાંથી પેદા થયેલું પ્રાણી કે વનસ્પતિ તેવો ઉલ્લેખ કરીએ છીએ. વધુ સમજીએ તો હાઇબ્રીડ એટલે વર્ણસંકર, ભિન્ન જાતીય કે મિશ્ર ઓલાદનું પણ કહેવામાં આવે છે. સંકર પ્રક્રિયાને હાઇબ્રીડાઇઝેશન (સંકરણ) કહેવામાં આવે છે. આ પ્રકારનું નિર્માણ કુદરતી કે કૃત્રિમ બંને રીતે થાય છે. જનીનિક રીતે ભિન્ન એવી બે જાતિઓનાં સંયોગ કે સમાગમથી નવી જાતિ મેળવવાની સંકરમની પ્રક્રિયા આપણે માનવો નવી સંકર પેદાશમાં ઇચ્છિત લક્ષણો લાવવાના હેતુથી કરીએ છીએ.



હાઇબ્રીડાઇજેશનથી પેદા થયેલ નવા સંકર જીવો કે પ્રાણીઓ અપવાદ સિવાય બધા જ તેમના જેવા જ સંતાનો ઉત્પન્ન કરી શક્તાં નથી. તેને સંકર વંધ્યત્વ (Hybrid Sterlity) કહેવામાં આવે છે, અહીંયા કેટલીક સંકર જાતો વિશે જોઇએ.

કામા (The Cama)

ઊંટ અને તેના જેવું જ દેખાતું પ્રાણી લામા (Llama) નું સંકર સંતાન એટલે કામા. ઊંટ વિશે આપણે જાણીએ છીએ. લામા એ કેમેલીડી એટલે કે ઊંટનું કુટુંબનું સસ્તન પ્રાણી છે. દક્ષિણ અમેરિકામાં જોવા મળતાં આ પ્રાણીની ઊંચાઇ પાંચથી છ ફૂટ હોય છે.



આ પ્રાણી લામાનું વજન ૧૩૦ થી ૨૦૦ કિલો હોય છે. આ પ્રાણી બુદ્ધિશાળી છે અને આપેલી સૂચના પ્રમાણે નાના-મોટા કામો કરે છે. પોતાના સમુહમાં રહેવાની આદત ધરાવતું આ પ્રાણી તેના શરીર પરની રૂંવાટીમાંથી મળતાં મુલાયમ ઊનને કારણે પાળવામાં આવે છે. માલ-સામાન વહનમાં પણ તે ઉપયોગી બને છે. લામા અને ઊંટના સંયોગથી પેદા થયેલ કામા ઊંટ જેવા લાંબા પગ ધરાવે છે અને શરીર પર લામા જેવો ગરમ કોટ ધરાવે છે નર ઊંટ અને માદા લામાથી પેદા થયેલ આ પ્રાણીનાં પગમાં ખરી હોય છે.

- કોયવોલ્ફ (The Coywolf)

સંકર પ્રાણી કોયવોલ્ફ કોયોટે અને વરૂ (Wolf) ના સંવનનથી પેદા થયેલ છે. ઉત્તર અમેરિકા અને કેનેડામાં જોવા મળતું આ પ્રાણી કોયોટે એકલા રહેવા ટેવાયેલું છે. નાના કદનું આ પ્રાણી શ્વાન કૂળ (Canidae) નું સભ્ય છે. વરૂ પણ શ્વાસ કૂળનું પ્રાણી છે. કોયોટેને અમેરિકન શિયાળ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પ્રાણીની ૧૯ જેટલી પેટા જાતિઓ છે. કોયોટે માનવો સાથે હળીમલી ગયેલું છે.

જયારે વરૂં મોટા કદનું, સમૂહમાં રહેતું અને માનવોથી દૂર રહેતું પ્રાણી છે. કોયોટે અને વરૂના સંબંધથી પેદા થયેલ કોયવોલ્ફ કદમાં બંને કરતાં મોટું છે. લાંબા પગ ધરાવે છે અને માણસોથી ગભરાતું નથી.

- ઋક્ષ કુળ (The Ursids)

વિશ્વમાં ૮ પ્રકારનાં રીંછ છે. ઉર્સીડસ્ (Ursids) કૂળના આ લગભગ બધા જ પ્રકારના રીંછો વચ્ચે સંવનન થયા બાદ તેની સંકર સંતાનો જોવા મળે છે. અમેરિકામાં બ્રાઉન (કથ્થઇ) અને બ્લેક (કાળા) રીંછના હાઇબ્રીડ ઘણાં જોવા મળે છે. તેજ રીતે વિશ્વના વિવિધ પ્રાણી સંગ્રહાલયોમાં મલાયન સન બેઅર અને સ્લોથ બેઅર, સ્થોલ બેઅર અને એશિયાટીક બ્લેક બેઅર, બ્લેક બેઅર અને અને સન બેઅરના સંકર જાતના રીંછો જોવા મળી શકે છે.

- ઝેબ્રોઇડસ્ (The Zebroids)

ઝીબ્રા કુળ એ ઘોડા અને ગધેડાઓનું ગણાય છે. આપણે જાણીએ તેમ ઝીબ્રા, ઘોડા, ગધેડા, પોની જેવા ઘોડાના કુળન પ્રાણીઓનાં આંતર જાતીય સંવનનથી પેદા થતાં સંકર પ્રાણીઓમાં ઝોર્સ (Zorse), જોનકી (Zonkey), ઝીબ્રોએસ (Zebrass), ઝોની (Zony) ના નામો છે. તેમાં ઝોર્સ ઝીબ્રા અને ઘોડાથી, ઝોન્કી ઝીબ્રા અને ગધેડાથી, ઝીબ્રાએસ ઘોડા અને ખરથી, તથા ઝોની ઝીબ્રા અને પોનીથી પેદા થતાં સંકર પ્રાણીઓ છે. પોની ઘોડા જેવા જ દેખાતાં પણ તેનાથી નાના કદના પ્રાણી છે. જે ખુબ જ બુદ્ધિશાળી અને મૈત્રીપૂર્ણ છે. પાલતું પ્રાણી છે અને બાળકોની સવારીમાં ઘોડાની મીની આવૃત્તિ તરીકે મનોરંજન કરે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# માલીકી હક્ક કરતા વધારાની જમીનનો કબજો નિયમબદ્ધ કરવા અંગેની જોગવાઇ

## ગુજરાત સરકારના તા. ૦૯/૦૭/૧૩ ના પરિપત્રની સમજુતી

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

રાજય સરકાર દ્વારા રાજયમાં આવેલી જમીનોની માપણી કરી રેકર્ડ અદ્યતન કરવા માટે ખુબ જ મોટા પાયે અને વખતો વખત ઝુંબેશ ચલાવવામાં આવે છે અને તે માટે જમીનોની સમયસર માપણી પણ કરાવવામાં આવે છે. જેમાં નવી માપણીમાં કેટલાક ખાતેદારોની કબજા જમીનમાં જૂની માપણી મુજબનાં ક્ષેત્રફળ કરતા વધારાની જમીનો કબજામાં હોવાનું ઘણા કિસ્સામાં બનેલ છે. આવી વધારાની જમીનો જો સરકારના ઉપયોગમાં ના હોય અને ખેડૂતોના કબજામાં હોય તો તે વધારાના પ્રિમિયમ લઇને ખાતેદારોના કબજા હક્કો સરકાર દ્વારા નિયમબદ્ધ રીતે નિયમિત કરી આપવામાં આવતા હતા. પરંતુ હાલમાં આવા તમામ પરિપત્રો રાજય સરકારે રદ્દ કરીને ઠરાવ ક્રમાંક દબાણ ૧૧૨૦૧૩/૨૨૦/લ થી તા. ૦૯/૦૭/૧૩ નાં રોજ ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે. જેની જોગવાઇ નીચે મુજબ છે.

ખાતેદારોની જમીનોમાં જે વધારો થયો હોય અને આજુબાજુ ખાનગી ઇમસોની જમીન હોય તો તા. ૦૧/૦૮/૫૮ ના રોજ શરૂ થતા મહેસૂલી વર્ષથી ખાતેદારોની જમીનના ક્ષેત્રફળમાં જેટલો વધારો થયો હોય તેટલા ક્ષેત્રફળનો આકાર વસૂલ કરવામાં આવશે. આવો આકાર બંધ પ્રમાણેનાં મૂળ જમીનના ૨૦ પટ જેટલી રકમ જમીનના આકાર ઉપરોક્ત પ્રિમિયમ ભરવાથી ખાતેદાર કબજા હક્કે નિયમિત ગણાશે.

માપણી વખતે વધારો નિયમિત કરતી વખતે આજુબાજુનાં સર્વેનંબરની માપણી થયેલ હોય અને ગામ નકશામાં તે તમામ સર્વે નંબરોનું ચોક્કસ માપ દર્શાવવામાં આવેલ હોવું જોઇએ. માપણી ના થઇ હોય તો પ્રથમ માપણી કરી ત્યારબાદ પ્રિમિયમ વસૂલ કરી નિયમબદ્ધ કરવામાં આવશે.

આપણી સમયે ગામનો રસ્તો પગરવટ ગામ નકશા પ્રમાણે જ મૂળ સ્થિતિમાં ખુલ્લો રહેવો જોઇએ.

મહેસૂલ વિભાગે તા. ૧૨/૦૪/૯૧ના ઠરાવની જોગવાઇ દૂર કરી નવા સુધારા કરવામાં રહેલ છે. જે મુજબ જમીનની માપણી વખતે પડતર, જમીન, નદી, નાળીયું, તળાવ કે વહેળો કે અન્ય જાહેર રસ્તા આવેલ હોય તો તેવી જમીનની માપણી પ્રમાણે માપણી વધારો નિયમિત કરવાનો રહેશે. જે મુજબ નગર પાલિકા સહિત તમામ ગ્રામ્ય વિસ્તારમાં ખાતેદારોને મુળ જમીનના ૨૦ ટકા સુધીની જમીનની માપણી વધારો પ્રવર્તમાન જંત્રી દરની એકવડી કિંમત લઇ તથા તેનાથી વધુનો માપણી વધારો પ્રવર્તમાન જંત્રી દરની બેવડી રકમ વસુલ કરી નિયમિત કરવામાં આવશે.

ચાર એકર સુધી તથા રૂા. ૧૫ લાખ સુધીની કિંમતની જમીનનો માપણી વધારો કરવાની સત્તા જિલ્લા કલેકટરશ્રીને સોંપવામાં આવેલ છે.

ચાર એકરથી વધુ તથા રૂા. ૧૫ લાખથી વધુ કિંમતવાળી જમીનનો માપણી વધારો કરવાની સત્તા સરકારના મહેસૂલ વિભાગની રહેશે.

જંત્રી દર નક્કી કરતી વખતે સવાલવાળી જમીનનો જંત્રી દર અને જો તે સર્વે નંબરનો જંત્રી દર અને જો તે સર્વે નંબરનો જંત્રી દર ઉપલબ્ધ ના હોય તો લાગું સર્વે નંબરનો જંત્રી દર ધ્યાને લેવામાં આવશે. આવો દર જમીનના ઉપયોગ આધીન વસૂલ કરવામાં આવશે.

માપણી વધારો નિયમિત કરતી વખતે માપણી વધારો ખેડૂત ખાતેદાર જે શરણે જમીનની મૂળ સ્થિતિએ ધારણ કરેલ હશે. તે સ્થિતિ એ જ તે જ શરતે નિયમિત કરવામાં આવશે.

અસાધારણ માપણી વધારો માલૂમ પડે કે જયાં આવો માપણી વધારો ૪૦ ટકા અથવા તો ૪ એકર એ બે પૈકી જે વધારે હોય તેવા કિસ્સાઓમાં માપણી વધારો નિયમિત કરવાની દરખાસ્તો રાજય સરકારને કરવાની રહેશે. જેને મંજૂર કે નામંજૂર કરવાની સત્તા રાજય સરકારની રહેશે.

જમીન નિયમિત કરતા જો ખેતીની જમીન ટોચ મર્યાદા ધારા હેઠલ કુલ હોલ્ડીંગ વધારે જણાય તો તેવા કેસમાં ખેતીની જમીન ટોચ મર્યાદાના ધારા હેઠળ મળવાપાત્ર વધુ માપણી અંગોનો વધારો મંજૂર કરવામાં આવશે નહીં તેમજ ૭/૧૨,૮ - અની ચકાસણી કરવામાં આવશે.

આપણી વધારાની જમીન પૈકી ઔદ્યોગિક એકમોએ પ્રમાણિત ઔદ્યોગિક હેતુ માટે જો સર્વ નંબર/બ્લોક નંબરની પુરેપુરી જમીન વેચાણ લીધી હશે તો તેને આ નિતી લાડું પાડીને જે માપણી વધારો થાય તે આનુસાંગિક જે પ્રિમિયમ નક્કી થાય તે ભરવાનું રહેશે. પરંતુ તે સર્વે નંબર/બ્લોક નંબર પૈકીની પુરેપુરી જમીન નહીં ખરીદી હોય અને અમુક જ વિસ્તારની ખરીદી કરી હશે તો માપણી વધારાને અનુલક્ષીને પ્રિમિયમનો દર ભરવાની જવાબદારી જે તે મુળ ખાતેદારની રહેશે. જેની ગામ દફતરે જરૂરી નોંધ તલાટીશ્રીએ રાખવાની રહેશે.

ઉપર મુજબના ક્ષેત્રફળ કરતાં વધારાની જમીનો હાલ ખેડૂતો વિના મૂલ્યે ભોટવટો કરે છે જે નવી માપણી પ્રમાણે નિયમબદ્ધ કરવાની રાજય સરકારની જોગવાઇના કારણે ખેડૂતો પુરતું પ્રિમિયમ ભરી જમીન માલિક બનશે તેમજ રાજય સરકારની વધારાની મહેસૂલી ઉપજ થશે. સરવાળે રાજય સરકારની તિજોરીમાં વધારો થતાં વિકાસલક્ષી યોજનાઓનાં અમલીકરણમાં વાપરી શકશે. જેમાં સરકાર અને ખેડૂતોનું બંનેનું હિત સમાયેલું છે.